ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



**તાત્કાલિક સમારકામની રહીશોની માંગ : લોકોને અવરજવર માટે ભારે હાલાકી વેઠવાનો વારો**

## શહેરાના ખાંડીયા ગામે પ્રથમ વરસાદમાં જ નાળું ધોવાતા આંબડીયા ફળિયાનો સંપર્ક તૂટ્યો

બીમારી કે ઇમરજન્સીના સમયે એમ્બ્યુલન્સ કે અન્ય વાહનો ફળિયામાં પ્રવેશી શકતા નથી



(પ્રતિનિધિ) ગોધરા, તા.22

શહેરા તાલુકાના ખાંડીયા ગામે ગત શુક્રવારે પડેલા પ્રથમ ધોધમાર વરસાદમાં જ પ્રાથમિક શાળા પાછળ આવેલું આંબડીયા ફળિયાને જોડતું મુખ્ય નાળું ધોવાયુ. આ નાળું તૂટી જવાના કારણે ફળિયામાં જવા-આવવાનો મુખ્ય માર્ગ બંધ થઈ ગયો છે અને સ્થાનિક રહીશોનો સંપર્ક મુખ્ય રોડ સાથે તૂટી જવાથી તેમને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ નાળું અગાઉ હલકી ગુણવત્તાવાળું બનાવવામાં આવ્યું હતું જેના કારણે પ્રથમ વરસાદમાં જ ખુલ્લા ખેતરોમાંથી ધસમસતા આવેલા પાણીના પ્રવાહમાં તે જમીન સાથે ધોવાઈ ગયું હતું. આંબડીયા ફળિયામાં જવા માટે આ એકમાત્ર મુખ્ય રસ્તો હોવાથી નાળું તૂટી જતાં હવે લોકોને પોતાની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે ચોમાસાના આ સમયમાં કાદવ-કીચડવાળા ખાડાઓમાંથી જોખમી રીતે પસાર થઈને અવરજવર કરવી પડી રહી છે.

જો વહીવટી તંત્ર દ્વારા સમયસર આ નાળાનું સમારકામ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ વરસાદ પડતાં ફળિયાના લોકોને અનેક ગણી મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવશે. ખાસ કરીને કોઈ આકસ્મિક બીમારી કે ઈમરજન્સીના સમયે એમ્બ્યુલન્સ કે અન્ય વાહનો ફળિયામાં પ્રવેશી શકે તેમ ન હોવાથી લોકોના જીવ જોખમમાં મુકાઈ શકે તેમ છે. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ નાળાનું સમારકામ કરી રસ્તો પૂર્વવત કરવામાં આવે તેવી ફળિયાના રહીશો દ્વારા માંગ કરવામાં આવી છે.

**ચાંચપુર ગામે ખેતરમાં ચાલતા જુગારધામ પર વેજલપુર પોલીસનો દરોડો**

## રૂ. ૬૦,૫૮૦ના મુદ્દામાલ સણસોલી સરપંચ સહિત 4 ઝડપાયા, 2 ફરાર

(પ્રતિનિધિ) કાલોલ, તા.22

કાલોલ તાલુકા હેઠળ આવતા વેજલપુર પોલીસ સ્ટેશનની ટીમે એક ચોક્કસ બાતમીના આધારે ગોધરા તાલુકાના ચાંચપુર ગામે ચાલી રહેલા જુગારધામ પર સફળ દરોડો પાડ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી ચાર જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે, જ્યારે બે ઈસમો પોલીસને ચકમો આપી નાસી છૂટવામાં સફળ રહ્યા છે. પોલીસ અહેવાલ અનુસાર, તારીખ ૨૦/૦૬/૨૦૨૬ના રોજ વેજલપુર પોલીસની ટીમ ખાનગી વાહનમાં નાઈટ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ધનોલ ચોકડી પાસે પોલીસ ઈન્સ્પેક્ટર જી. કે. વહુનિયાને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, ચાંચપુર ગામે રબારી ફળિયામાં રહેતો ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમો ચીમનભાઈ ચૌહાણ પોતાના ઘરની પાછળ આવેલા કોતર નજીક ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમોને ભેગા કરી પત્તા-પાનાનો હાર-જીતનો જુગાર રમાડી રહ્યો છે જે બાતમી પાકી હોવાથી તાત્કાલિક અન્ય પોલીસ સ્ટાફ અને બે પંચોના માણસોને બોલાવી રાત્રે આશરે ૨૩:૨૦ વાગ્યે બાતમીવાળી જગ્યાએ રેડ કરવામાં આવી હતી. લાઈટના અજવાળે કુંડાળું વળીને જુગાર રમી રહેલા ઈસમોએ પોલીસને જોતા જ ત્યાં ભાગદોડ મચી ગઈ હતી. જોકે, પોલીસે કોર્ડન કરીને ઘટનાસ્થળેથી ચાર ઈસમોને ઝડપી લીધા હતા, જ્યારે મુખ્ય સૂત્રધાર ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમો અને અન્ય એક આરોપી અંધારાનો લાભ લઈ નાસી ગયા હતા.

**પકડાયેલા આરોપીઓના નામ**

1. નિલેશસિંહ વિજયસિંહ રાઠોડ (ઉ.વ. ૩૮, રહે. સણસોલી સરપંચ કાલોલ)
2 . મનહરસિંહ મહેન્દ્રસિંહ ગોહિલ (ઉ.વ. ૩૪, રહે. મહેલોલ, ગોધરા)
3. વિજયસિંહ કનકસિંહ રાઠોડ (ઉ.વ. ૩૦, રહે. સણસોલી, બેંક ઓફ બરોડામાં નોકરી કાલોલ -)
4. ઇન્દ્રજીતસિંહ બળદેવસિંહ રાઠોડ (ઉ.વ. ૨૫, રહે. સણસોલી, કાલોલ)

**કાલોલ નગરપાલિકામાં વોર્ડ નંબર ૧ અને ૪ માંથી અધિકારીઓ ગાયબ!**

## સમસ્યા લઈને આવતા અરજદારો ખુરશી ખાલી જોઈ ધક્કા ખાઈને પાછા જાય છે

(પ્રતિનિધિ) કાલોલ, તા.22



વોર્ડ નંબર એક અને ચારના મતદારો આજે પાલિકામાં પોતાના વિવિધ પ્રશ્નોને લઈ આવ્યા હતા વોર્ડ નંબર એક ના નાગરિકોના જણાવ્યા અનુસાર અમારા વોર્ડમાં રોડ ખખડધજ છે પાણી અનિયમિત આવે છે દરેક વિસ્તારોમાં કોઈ પાણીનો ચોક્કસ સમય નથી ગંદકીની ભરમાળ છે અને સફાઈ અને ધન કચરો અનિયમિત છે આ વોર્ડમાં નગરપાલિકા દ્વારા કોઈ કાળજી રાખવામાં આવતી નથી વારંવાર રજૂઆતો કરવા છતાં પણ કોઈ સમસ્યાનું નિરાકરણ આવતું નથી જેના કારણે આખરે વોર્ડ નંબર એકના નાગરિકો અને વોર્ડ નંબર ચારની મહિલાઓ આજે આ વિવિધ પ્રશ્નોને લઈ રજૂઆત કરવા પાલિકાએ પહોંચ્યા હતા. આજે પાલિકામાં ચીફ ઓફિસર અને પ્રમુખ હાજર નહોતા જેના કારણે તેઓ કોને રજૂઆત કરવી આ પ્રશ્નનું નિરાકરણ કોણ કરશે તેવા પ્રશ્નોને લઈ અસ મંજસમાં મુકાયા હતા વોર્ડ નંબર ચારની મહિલાઓએ જણાવ્યું હતું કે અમારા વિસ્તારમાં કેટલાય સમયથી ગંદુ પાણી આવે છે પીવાનું પાણી ગંદુ આવવાથી મહિલાઓએ પાણી પીવાનું અને જમવા બનાવવામાં ખૂબ જ મુશ્કેલી ઊભી થાય છે જેથી પાણીનો પ્રશ્ન સત્વરે નિકાલ લાવે તેવી વોર્ડ નંબર ચારની મહિલાઓની માંગ છે કાલોલ નગરમાં સત્તાધીશોને એક વર્ષ ઉપર થવા આવ્યું છતાં પણ વિકાસના નામે મીંડું છે કાલોલ નગરમાં જ્યાં જુઓ ત્યાં રોડ પર ખાડાઓ નજીવા વરસાદે પાણી ભરાઈ જવું અને કચરા અને ગંદકીની સમસ્યાઓ થી નાગરિકો પીડાઈ રહ્યા છે.

## કાલોલ પોલીસ સ્ટેશને મોહરમ પર્વ લઈને શાંતિ સમિતિ બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા.22



કાલોલ શહેરમાં આગામી દિવસોમાં આવનાર તાજીયા (મોહર્રમ) ની ઉજવણી કોમી અને એકલાસભર્યા વાતાવરણમાં ઉજવાય તે માટે કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આરડી ભરવાડ ની અધ્યક્ષતામાં એક શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પીએસઆઈ પી.કે. ક્રિશ્ચયન, પીએસઆઈ એમ.આર મોહનીયા સાથે કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા, શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઇ પારેખ, પુર્વ પ્રમુખ ગોપાલભાઈ પંચાલ સહિત બન્ને સમાજના બુદ્ધિજીવી નાગરિકો અને વિવિધ સમાજના આગેવાનો સાથે કાલોલ પોલીસ સ્ટેશન ખાતે સોમવારે મોડી સાંજના સાત વાગ્યાની આસપાસ ઉપસ્થિત રહ્યા હતા ત્યારે સમાજના આગેવાનોને મોહરમ પર્વની ઊજવણી શાંતિપુર્ણ માહૌલમાં થાય અને કોઈની લાગણી ન દુભાય માટે ઉપસ્થિત લોકોને કાલોલ પોલીસ સ્ટેશનના સીનીયર પીઆઈ એ અનુરોધ કર્યો હતો.બેઠકમાં જણાવ્યું હતું કે,તારીખ ૨૫,૨૬, જુન ના ગુરુવાર અને શુક્રવાર દરમિયાન મહોરમ(તાજીયાનું પર્વ મનાવવામાં આવશે જેમાં ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. શાંતિપૂર્ણ વાતાવરણમાં મહોરમ પર્વ ઉજવાય તેમ જ તાજીયા વિસર્જન દરમિયાન ખાસ ધ્યાન રાખવામાં આવે તેવી અપીલ કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આરડી ભરવાડ દ્વારા કરવામાં આવી હતી.

**પીપલોદ જૂની રેલ્વે ફાટક પર વધુ એક જીવલેણ અકસ્માત**

## સાલીયા ગામના યુવકનું ટ્રેનના પાટા નીચે કપાઈ જતાં મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.22



દેવગઢ બારીયાના પીપલોદની જૂની રેલ્વે ફાટક નજીક આજે વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રેલ્વે ટ્રેક ક્રોસ કરતી વખતે ટ્રેનની અડફેટે આવતા સાલીયા ગામના રહેવાસી પટેલ મંગળસિંહ ધનાભાઈ (ઉ.વ. 35)નું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે મૃતકનું શરીર બે ભાગમાં વિભાજિત થઈ ગયું હતું.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. નોંધનીય છે કે પીપલોદની જૂની રેલ્વે ફાટક પર અગાઉ પણ અનેક ગંભીર અકસ્માતો બની ચૂક્યા છે. સ્થાનિક લોકો, સામાજિક આગેવાનો તેમજ જનપ્રતિનિધિઓ દ્વારા વારંવાર રેલ્વે તંત્ર, વહીવટી તંત્ર અને સાંસદ સમક્ષ ફૂટ ઓવરબ્રિજ બનાવવા માટે રજૂઆતો કરવામાં આવી છે. થોડા દિવસો અગાઉ વિવિધ અખબારો અને ન્યૂઝ ચેનલોમાં પણ આ મુદ્દે અહેવાલો પ્રસિદ્ધ થયા હતા. તેમ છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. વારંવાર અકસ્માતો બનતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો સવાલ છે કે આખરે કેટલા નિર્દોષ લોકોના ભોગ લેવાયા બાદ તંત્ર જાગશે? ફૂટ ઓવરબ્રિજની માંગ વર્ષોથી ચાલી રહી છે છતાં કામ શરૂ ન થવું અનેક પ્રશ્નો ઉભા કરે છે.

## હાલોલ પંથકમાં વરસાદી માહોલ : જુદાજુદા વિસ્તારમાંથી પ્રજાતિના 12 સાપો સિદ્ધાંત જીવ દયા ટીમ દ્વારા રેસ્ક્યુ કરાયા



હાલોલ : સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા હાલોલના અલગ અલગ વિસ્તારો માથી અલગ અલગ પ્રજાતીના બાર જેટલા સાપ નુ રેસ્ક્યુ કર્યુ. ગતરોજ હાલોલ પંથક મા જીવદયા નુ કામ કરતી સંસ્થા સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા હાલોલ બે દિવસ મા વરસાદ પડવાના કારણે છેલ્લા બે દિવસ મા 12 જેવા અલગ અલગ સાપ નુ રેસ્ક્યુ કર્યુ જેમા ગોધરા રોડમંગલમુરતિ સોસાયટી મહારાણા પ્રતાપ ચોક તથા શાક માર્કેટ કંજરી ગામ હાલોલ રૂલર પોલીસ હેડ કોટર જેવા અનેક જગ્યાએ થી રેસ્ક્યુ કર્યુ જેમા 2 કોબરા 5 વોટર સ્નેક બામ્બુ પીટ વાયપર 1 ધામણ 2 વુલસ 1 આ બધા સાપ ઝેરી બિન ઝેરી સાપ નુ રેસ્ક્યુ સિદ્ધાંત જીવદયા ટીમ દ્વારા સહી સલામત રીતે કરી જંગલ વિસ્તાર મા માનવ વસવાટ થી દૂર રિલીઝ કરવામા આવ્યા આવ્યા હતા.

**નવજીવન સાયન્સ કોલેજમાં આયોજન કરાયું**

## દાહોદમાં નિ:શુલ્ક GSET અને CSIR-NET કોચિંગ ક્લાસનું સમાપન

(પ્રતિનિધિ) દાહોદ, તા.22



દાહોદની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવેલ નિ:શુલ્ક GSET (Gujarat State Eligibility Test) અને CSIR-NET (Life Sciences) માર્ગદર્શન વર્ગોનું સફળતાપૂર્વક સમાપન થયું છે. આ ક્રેસ કોર્સનો મુખ્ય હેતુ સ્થાનિક અને ગ્રામીણ વિસ્તારના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરની આ અઘરી પરીક્ષાઓ માટે સક્ષમ બનાવી ઉચ્ચ પદ સુધી પહોંચાડવાનો હતો.

આ સમગ્ર શૈક્ષણિક શ્રેણીનું પ્રેરણાદાયી નેતૃત્વ અને માર્ગદર્શન કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી. જે. ખરાદી સાહેબ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું, વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે આ કોચિંગ ક્લાસમાં કોલેજના જ જેમની પોતાની આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ ક્લિયર થયેલી છે તેવા અનુભવી અધ્યાપકો તેમજ બહારથી વિશેષ આમંત્રિત વિષય તજજ્ઞો દ્વારા મહત્વના લેક્ચર્સ લેવામાં આવ્યા હતા.

**ટૂંક સમયમાં કામગીરી શરૂ થશે**

## કાલોલમાં રૂા. ૨.૧૦ કરોડના ખર્ચે સી.સી. ટ્રિમિક્સ રોડના વિવિધ વિકાસકામોને મંજૂરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.22

કાલોલ નગરપાલિકા વિસ્તારમાં વસતા નાગરિકોની સુવિધામાં વધારો કરવા માટે પાલિકા તંત્ર દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કાલોલ નગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં વિકાસલક્ષી કામોને મંજૂરી આપી દેવામાં આવી છે, જેના અંતર્ગત નગરમાં સી.સી. ટ્રિમિક્સ રોડના અંદાજિત રૂપિયા બે કરોડ દશ લાખ (રૂ. 2,10,00,000/-) ના ટેન્ડરો મંજૂર કરવામાં આવ્યા છે.આ તમામ વિકાસકામો હાથ ધરવા માટે આશિષ કન્સ્ટ્રક્શન એજન્સી, ગોધરા ની પસંદગી કરવામાં આવી છે અને આ એજન્સી દ્વારા ટૂંક સમયમાં જ તમામ નિર્ધારિત સ્થળો પર ગ્રાઉન્ડ લેવલની કામગીરી શરૂ કરી દેવામાં આવશે નીચે દર્શાવેલા મહત્વના માર્ગોનું નવીનીકરણ કરવામાં આવશે: એ.એમ. ઉપાધ્યાય હાઉસ થી મહાલક્ષ્મી ચોક સુધી (ન્યુ સી.સી. ટ્રિમિક્સ રોડ) વલ્લભ દ્વાર થી એ.એમ. ઉપાધ્યાય હાઉસ સુધી (ન્યુ સી.સી. ટ્રિમિક્સ રોડ) વૃંદાવન સોસાયટી ઢાળ ઉતરતા થી લઈને ભાગ્યોદય સોસાયટી સુધી (ન્યુ સી.સી. ટ્રિમિક્સ રોડ) બજાજ શોરૂમ થી એમ.એમ. ગાંધી કોલેજ સુધી હનુમાન ફળિયા થી ત્રણ ફાણસ સુધી,પરવડી થી બાલમંદિર સુધી ઓમ પરમ્બા સોસાયટી થી નવરચના ગુરુકુળ સુધી,ઓમ બ્રહ્માકુમારી થી લઈને વાયા વિજય ટોકીઝ થઈ નવાપુરા ના નાકા સુધી,ત્રણ ફાણસ થી જૂની કસ્બા તલાટી સુધી,પી. કે. સુથારના ઘર થી તળાવની ચોકડી સુધી,શુભાલય બંગલોઝ પાસે,રામાપીર મંદિર થી ગાયત્રી મંદિર સુધી,નગરપાલિકા થી રમેશભાઈ કોન્ટ્રાક્ટરના ઘર સુધી,અમિતભાઈ હાઉસ નજીક કાલોલ નગરપાલિકાના આ સરાહનીય પગલાથી લાંબા સમયથી બિસ્માર રોડ-રસ્તાની સમસ્યા ભોગવતા નગરજનોને મોટી રાહત મળશે.

**વેજલપુરના કામોનું પેમેન્ટ નહિ કરવા તેમજ ભ્રષ્ટાચારની તપાસ કરવામાં આપખુદ શાહી**

## મહિલા સભ્યના સોગંદનામા સાથેની તપાસ અરજી છતાં એન્જિનિયરે બિલ ચૂકવ્યા

(પ્રતિનિધિ) કાલોલ, તા.22

વેજલપુર ગ્રામ પંચાયત ની મહિલા સભ્ય દ્વારા નાળા નું પેમેન્ટ ચકમનું નહિ કરવા તેમજ ભ્રષ્ટાચાર ની તપાસ કરવા મહિલા સભ્યના સોગંદનામા સાથેની તપાસ અરજી છતાં એન્જિનિયરે ઉતાવળે બિલ ચૂકવ્યા જેથી કાલોલ તાલુકા વિકાસ અધિકારી અને એન્જિનિયર સહિત ના અધિકારીઓ શંકા ના ડાયરામાં કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરરીતિઓના ગંભીર આક્ષેપો સાથે વોર્ડ નંબર ૮ ના મહિલા સભ્ય બદના રેહાનાબીબી મહેબુબ દ્વારા સોગંદનામા સાથેની તપાસ અરજી દાખલ કરવામાં આવી હતી જે સોગંદનામું પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓને પણ મોકલવામાં આવ્યું હતું જેમાં વહીવટી તંત્રની નિષ્ક્રિયતા અને સંભવિત મિલીભગત સામે તીખા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. મહિલા સભ્ય બદના રેહાનાબીબીએ તા. ૧૫/૦૬/૨૦૨૬ ના રોજ કાલોલ તાલુકા વિકાસ અધિકારી (TDO) ને લેખિત રજુઆત કરી હતી. આ રજુઆતમાં વેજલપુર ગ્રામ પંચાયતના વહીવટમાં સરપંચ અને સત્તાધીશો દ્વારા તેમને વિશ્વાસમાં લીધા વગર મનસ્વી રીતે કામો કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કર્યા હતા જેમાં ખાસ કરીને વેજલપુર ઉર્દૂ શાળા પાસે થઈને રોહિતવાસ તરફ જવાના રસ્તા ઉપરના નાળાના કામમાં સરકારી નીતિ-નિયમો ને નેવે મૂકી વહીવટી એસ્ટીમેટ અને મેઝરમેન્ટ માપ મુજબ કામગીરી થતી ન હોવાની ગંભીર ફરિયાદ કરી હતી.

આ કામની સ્થળ તસવીરો પણ પૂરાવા તરીકે રજૂ કરાઈ હતી TDO અને એન્જિનિયરની ભૂમિકા શંકાના ડાયરામાં મહિલા સભ્યની અરજીમાં સ્પષ્ટ માંગણી કરવામાં આવી હતી કે, જ્યાં સુધી આ કામોની ભ્રષ્ટાચાર ની ઉચ્ચ કક્ષાએથી ઝીણવટભરી તપાસ ન થાય, ત્યાં સુધી આ તમામ કામોના બિલોની ચુકવણી તાત્કાલિક અસરથી રોકી દેવામાં આવે. તેમ છતાં, તાલુકા પંચાયતના એન્જિનિયરે આ સોગંદનામા સાથેની અરજીને સંપૂર્ણપણે નકારી કાઢીને, અરજી આપ્યાના માત્ર બે જ દિવસ પછી, તા. ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ કુલ અંદાજિત રૂ. ૪,૫૦,૦૦૦ ( ૪ લાખ ૫૦ હજાર) નું બિલ ચૂકવી દીધું! પૂરાવા મુજબ, રૂ. ૩,૩૯,૫૦૦ નું બિલ 'સહારા ટ્રેડર્સ' ને અને રૂ. ૧,૧૦,૫૦૦ નું બિલ 'રાજેશભાઈ ભાલસિંહ ચૌહાણ' ને ચૂકવવામાં આવ્યું છે. આ બંને ચુકવણીઓ પ્રક્રિયા દ્વારા કન્ફર્મ થઈ ગઈ છે શું TDO સ્થળ તપાસ કરશે ખરા ? હવે જ્યારે આટલા મજબૂત પૂરાવા સામે આવ્યા છે, ત્યારે શું કાલોલ TDO ખરેખર નિષ્પક્ષ સ્થળ તપાસ કરશે? કે પછી 'આવ ભાઈ હરખા આપણે બંને સરખા' જેવો વેહવાર કરી મિલ બાટ કે ખાવામાં રસ રાખશે અને ભ્રષ્ટાચારના પાપ પર પડદો પાડી દેવામાં આવશે તે આગામી સમય જ બતાવશે.

## ગોધરામાં વિવિધ જગ્યાએ યોગ દિવસની ઉજવણી



(પ્રતિનિધિ) ગોધરા, તા.22

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય અંતર્ગત મેરા યુવા ભારત ગોધરા દ્વારા શ્રી સરસ્વતી હાઈસ્કુલ જોરાપુરા બાલાસિનોર (મહીસાગર) ખાતે અને પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા તાલુકાના ખાન પાટલા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.જેમાં મોટી સંખ્યામાં યુવા ભાઈ બહેનો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નિયમિત યોગા કરવાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય થતા લાભોની વિગતવાર માહિતી આપી હતી.

**ચાંદી તેમજ રોકડ મળી રૂપિયા ૧૪.૧૭ લાખ ઉપરાંતના માલમત્તાનો હાથફેરો**

## દાહોદના ગોવિંદનગરની સહયોગનગર સોસાયટીમાં તસ્કરોનો તરખાટ

ઘટના સ્થળની આસપાસના સીસીટીવી કેમેરા ફુટેજ મેળવવાનો પ્રયાસ હાથ ધરાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.22

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી ગામના મૂળ વતની અને હાલ દાહોદ શહેરના પોશ વિસ્તાર ગણાતા ગોવિંદનગરની સહયોગ નગર સોસાયટીમાં પ્રભાબેન પંચાલના " મકાનમાં ભાડે રહેતા સંકેતકુમાર u વિનોદભાઈ પંચાલ ગઈકાલે ઘરે તાળું મારી પોતાના પરિવાર સાથે » માદરે વતન ગાંગરડી ગામે ગયા " હતા. આ તકનો લાભ ઉઠાવી ગત " રાતે સહયોગ નગર સોસાયટીમાં તસ્કરોએ ભાડાના મકાનમાં રહેતા સંકેત કુમાર વિનોદભાઈ પંચાલના ભાડાના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. અને મકાનના મુખ્ય દરવાજાનું તાળું નકુચા સાથે તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. અને ઘરમાં મુકેલ તિજોરી તોડી તિજોરીમાં મુકેલ કપડા લત્તા વગેરે વેરવિખેર કરી તિજોરીના ડ્રોવરમાં રાખેલ એક સફેદ રંગની કપડાની થેલીમાં મુકેલ રૂપિયા ૮,૬૭, ૩૦૨/-ની કિંમતના આશરે ૬.૫૬૦ કિલોગ્રામ ચાંદીની પાટના ટુકડા નંગ-૮ તેમજ બે લેડીઝ પર્સ અને ત્રીજું સાદું પર્સ એમ ત્રણેય પર્સોમાંથી ૨૦૦ તથા ૫૦૦ના દરની રૂપિયા ૫,૫૦,૦૦૦/-ની કિંમતની ચલણી નોટો મળી રૂપિયા ૧૪,૧૭,૩૦૨/-ની કુલ મત્તા ચોરીને લઈ ગયા હતા .બીર્જે દિવસે સવારે સંકેતભાઈ વિનોદભાઈ પંચાલ તથા તેમનો પરિવાર ગાંગરડીથી પરત દાહોદ ઘરે આવ્યો હતો. તે વખતે પોતાના ઘરના મુખ્ય દરવાજાનું તાળું નકુચા સાથે તૂટેલી હાલતમાં જોવા મળતા તેઓને પોતાના મકાનમાં ચોરી થઈ હોવાનું જણાઈ આવ્યું હતું જેથી તેઓએ દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી પોલીસને ઉપરોક્ત વિગતથી વાકેફ કરતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી.